# પેથાપુરમાં એસ.ટી. બસોના પ્રશ્નો બાબતે સોમવારે જન આંદોલન

## એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશનની મૌખિક તથા લેખિત રજુઆતો ધ્યાને ન લેવાતાં થયેલો નિર્ણય

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર-અમદાવાદ પેથાપુર તથા અન્ય ગામોને સાંકળતા મુસાફર જનતાને સ્પર્શતા મુદ્દાઓ બાબતે વહીવટીતંત્રે ધ્યાન ન આપતાં પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશને સોમવારના રોજ જન આંદોલનનો નિર્ણય લીધો છે. ઉચ્ચ અધિકારીઓને મૌખિક અને લેખિત અનેક રજુઆતો થઈ ચુકી છે છતાં મુસાફરોના હિતની સતત થઈ રહેલી અવહેલના આ જનઆંદોલનનો મુખ્ય પાયો બન્યો હોવાનું બહાર આવ્યું છે.

ગાંધીનગરના હૃદયસમા ગણતા પેથાપુર અને અન્ય ગામોને એસ.ટી. બસો દ્વારા સતત થઈ રહેલા અન્યાયથી સમસમી ઉઠેલા પેથાપુર એસ.ટી. બસ પેસેન્જર એસોસીએશને તા. ૧૦-૩-૨૦૧૪ને સોમવારના રોજ જન આંદોલનનું રણશીંગુ ફુંકયું છે. ખાસ તો વિદ્યાર્થીઓને પડી રહેલી હાલાકી મુખ્ય કારણ બન્યુ છે. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, હિંમતનગર, પાલનપુર જેવી વિભાગીય કચેરીઓ ગાંધીનગરની મુખ્ય ગણાતી કોલેજ શંકરસિંહ બાપુ કોલેજ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓએ બસ ઉભી રાખવા બાબતે બિલકુલ લાપરવાહ સાબિત થઈ છે. વધુમાં પેથાપુર ચાર રસ્તાનું ભાડાપત્રકમાં સ્ટોપેજ આપવું તથા પીકએપ બસ સ્ટેન્ડ બનાવવું, ડ્રાયવર-કડંકટરોની પોતાની મનમાની, સેકટર-૩૦ સર્કલ તથા ઘ-૭ પ્રેસ સર્કલ ઉપર પીકઅપ સ્ટેડ બનાવવું, ઘ રોડ ઉપર બસોને પ્રાધાન્ય આપવું, કડંકટરો પાસે ફરિયાદ બુક ન હોવા બાબતે જેવા અનેક મુદ્દાઓનો સમાવેશ થાય છે.

ઉપરોકત બાબતો અંગે નિગમના ચેરમેન, ટ્રાફીક સંચાલક, ડી.સી., ડી.ટી., ડેપો મેનેજર તથા લાગતા અધિકારીઓને વારંવાર જાણ કરી હોવા છતાં યોગ્ય ઉકેલ ન આવતા પેથાપુરમાં જન આંદોલનના મંડાણ થયા છે જે અંગે ઉપપ્રમુખ રતીલાલ સી. ઠકકરે વિગતવાર લેખિતમાં સત્તાવાળાઓનું ધ્યાન દોરેલ છે.

## હવે, સગર્ભા બહેનો પોતાના ગર્ભસ્થ શિશુના સર્વાંગી વિકાસ માટે માર્ગદર્શન મેળવી શકશે

ગાંધીનગર, તા.૪

ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા સગર્ભા મહિલા સંમેલન તા. ૨૦ માર્ચ બપોરે ૨-૦૦ કલાકે ચિલ્ડ્રન યુનિવર્સિટી સેકટર-૨૦ ગાંધીનગર ખાતે યોજાશે. માર્ગદર્શન મેળવી શકશે. સાથે સાથે અંતરિયાળ ગામડાની બહેનો માટે ફરતા તપોવન રથનો શુભારંભ પણ કરવામાં આવશે. જેથી બહેનોને જાગૃત કરી શકાય.

ચિલ્ડ્રન યુનિ. બાળકોના



ગાંધીનગરની સગર્ભા મહિલાઓને માર્ગદર્શન આપવા માટે ચિલ્ડ્રન યુનિ. દ્વારા સગર્ભા સંમેલન યોજાશે. જેમાં સગર્ભા મહિલાઓને તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ગર્ભ સંસ્કાર, ગર્ભ સંવાદ, ગર્ભ ધ્યાન જેવી કલાઓ, સંગીત, રમત-ગમત પ્રવૃત્તિઓનું નિઃશુલ્ક માર્ગદર્શન આપશે.

તેમજ યુનિવર્સિટી ખાતે તપોવન સંશોધન કેન્દ્રનો શુભારંભ ૩૧મી માર્ચના રોજ કરવામાં આવશે. જેથી શહેર અને આજુબાજુના ગામડાની સગર્ભા બહેનો ગર્ભસ્થ શિશુના સર્વાંગી વિકાસ માટે પ્રત્યક્ષ સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે અને અજન્મા શિશુના સર્વાંગી વકાસ માટે યુનિવર્સિટી દ્વારા જુદા જુદા સ્થળોએ ૧૨ તપોવન કેન્દ્રો કાર્યરત કર્યા છે.



આનંદનો ગરબો : આજકાલ આનંદનો ગરબો મહિલાઓમાં અતિ પ્રિય ધાર્મિક વિધિ યોજાય છે. માતાજીના ગુણગાન ગાતા ગાતા મનોકામના પૂર્ણ થાય એવા ભાવ સાથે ગાંધીનગરમાં સેક્ટરે સેક્ટરે અને ચોકઠે ચોકઠે આનંદના ગરબાનું આયોજન ભાવપૂર્વક થાય છે. મંગળવારે બપોરે સેક્ટર-૩માં આનંદનો ગરબામાં મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

## પગારના પ્રશ્ને લીંક વર્કર બહેનો છેક સુધી લડી લેવાના મૂડમાં
### આવનાર સમયમાં ઉગ્ર આંદોલન કરશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત આરોગ્ય મહાનગર પાલિકા કર્મચારી સંઘની લીંક વર્કર બહેનોનો પગાર ન ચૂકવાતા આજ રોજ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ ખાતે દેખાવો અને તંત્ર સમક્ષ સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦થી વધારે બહેનો જોડાઈ હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળ કાર્ય કરતી લીંક વર્કર બહેનોએ પગાર બાબતે તંત્ર સમક્ષ રોષ પ્રગટ કર્યો છે. બહેનો દ્વારા છેલ્લા એક મહિનાથી જલદ કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. છતાં પણ મ્યુનિસિપલ કમિશનર, મેયર અને કોર્પોરેશનના પદાધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી.

બહેનો પોલીયો નાબૂદી અભિયાનમાં ખડે પગે રહે છે. સરકાર દ્વારા પોલિયો નાબૂદી અભિયાનમાં મુખ્ય ભૂમિકા નિભાવતા હોય છે ત્યારે લીંક વર્કર બહેનોના હડતાલના કારણે ગઈ ૨૩મી ફેબ્રુઆરીના રોજ પોલિયો કાર્યક્રમ નિષ્ફળ નિવડયો છે તેમ પ્રમુખ કુસુમ રાઠોડે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે અમારા પગાર પ્રશ્નોનું નિરાકરણ નહિ આવે તો ઉગ્ર આંદોલન કરી સરકાર સમક્ષ અમારો અવાજ બુલંદ કરીશું.

## પેથાપુરમાં મહિલાનું ટાંકીમા પડી જતા કરૂણ મોત

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક પેથાપુર ગામે આવેલ જૂની પાણીની ટાંકી પાસે પોતાના ઘર આગળ બનાવેલી પાણીની ટાંકીમાં ૩૫ વર્ષીય મહિલા આનંદીબેન સુરેશભાઈ પટેલ અચાનક જ પડી ગયા હતા. જેથી પાણીમાં ગુંગળામણ થતા બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તાત્કાલિક મહિલાને બહાર કાઢી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી. જ્યાં મહિલાનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે પેથાપુર પોલીસ મથકના જમાદાર કાંતીભાઈએ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સાર્વજનિક ટ્રસ્ટોને સત્વરે હિસાબો રજૂ કરવા અને વહીવટી ફાળો જમા કરાવવા આદેશ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત ચેરિટી કમિશનર અને ચેરિટીતંત્ર દ્વારા સમયસર હિસાબો રજૂ ન કરનાર અને વહીવટી ફાળાની રકમ જમા ન કરાવનાર સાર્વજનિક ટ્રસ્ટો અને તેના ટ્રસ્ટીઓ સામે આક્રમક પગલા લેવાની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યવાહીમાથી બચવા સાર્વજનિક ટ્રસ્ટોએ તા. ૧૦મી માર્ચ પહેલા તેમના હિસાબો રજૂ કરી દેવા અને તા. ૧૫મી માર્ચ પહેલા બાકી વહીવટી ફાળાની રકમ જમા કરાવી દેવા તાકીદ કરવામાં આવી છે.

સમગ્ર ગુજરાત રાજયમાં મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલા ટ્રસ્ટો, મંદિરો, જ્ઞાતિની વાડીઓ, ધર્મશાળાઓ, પાંજરાપોળો, ગૌશાળાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, છાત્રાલયો, હોસ્પીટલો, અતિથિગૃહો, હવેલીઓ, ગ્રાહક સુરક્ષા અને ખાદી વિષયક પ્રવૃત્તિઓ કરતા સંસ્થાઓ વગેરેને ૩૧મી માર્ચ-૨૦૧૩ સુધીના નાણાંકીય વર્ષના હિસાબો બાકી હોય તો સત્વરે રજૂ કરી દેવા ચેરિટી કમીશ્નર દ્વારા તાકીદ કરાઈ છે. આ ઉપરાંત આવી સંસ્થાઓના વહીવટી ફાળાની રકમ પણ જો બાકી હોય તો સત્વરે જમા કરી દેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને પણ અન્ય હોદ્દેદારો સમકક્ષ જવાબદાર ગણાવતા ઉપરોક્ત બંને બાબતે તાત્કાલિક પગલા લેવા જણાવાયુ છે. તેમજ આ સંસ્થાઓના વહીવટકર્તાઓ ઉપરાંત ઓડીટર્સ અને એકાઉન્ટન્સને પણ આ બાબતે જાણ કરવામાં આવી છે.

## રાજયના ઠાકોર અને કોળી વિકાસ નિગમની ઉત્કૃષ્ઠ કામગીરી

### અત્યાર સુધીમાં ૬૪૦૦ લાભાર્થીઓને ૨૮ કરોડનું ધિરાણ અપાયું : છેલ્લા માત્ર બે વર્ષમાં જ ૨૮૦૦ લાભાર્થીઓને લાભ અપાયો

ગાંધીનગર, તા.૪

ગુજરાત રાજયના ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ઠાકોર અને કોળી સમાજના લોકોના વિકાસ માટે અત્યાર સુધીમાં ૬૪૦૦ જેટલા લાભાર્થીઓને કુલ રૂપિયા ૨૮ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. જરુરિયાત મંદ લોકો સ્વમાનભેર સ્વ રોજગારી મેળવી શકે તેમજ આત્મ નિર્ભર બની જીવનમાં ઉન્નતિ કરી શકે તેવા આશયથી નિયત આવક મર્યાદા અને પાત્રતા ધ્યાનમાં રાખીને ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા ધંધા-વ્યવસાય માટે ધિરાણ અને વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લોનની વિવિધ યોજનાઓનો અસરકારક અમલ કરાય છે.

અત્યાર સુધીમાં નિગમ દ્વારા ૬૪૦૦ જેટલા લાભાર્થીઓને કુલ રૂપિયા ૨૮ કરોડનું ધંધા વ્યવસાય માટે ધિરાણ આપવામાં આવ્યું છે. તેમાં ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓને રૂપિયા ૩.૫૦ કરોડનું ઉચ્ચ શિક્ષણ માટે ધિરાણ આપવામાં આવ્યું છે. આ ધિરાણના કારણે આ સમાજમાંથી ૫૪ જેટલા ડોકટર, ૧૭ જેટલા ફાર્મસીના સ્નાતક, ૧૧૩ જેટલા એન્જીનીયર અને ૪૫ જેટલા એમબીએ અને એમસીએ વિદ્યાર્થીઓ બહાર પડશે.

છેલ્લા બે વર્ષમાં વિવિધ જિલ્લાઓમાં થઈને કુલ ૧૨ ચેક વિતરણ સમારંભો યોજીને ૨૮૦૦ જેટલા લાભાર્થીઓને રૂબરૂમાં ચેક વિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમગ્ર રાજયમાં ઠાકોર અને કોળી સમાજમાંથી દારુ, તમાકુયુકત ગુટખા વગેરેનું દૂષણ નાબૂદ થાય તે માટે જાગૃતિ શિબિરો પણ ચલાવવામાં આવે છે. વિવિધ જિલ્લાઓમાં યોજાતા ચેક વિતરણ કાર્યક્રમોમાં કોઈ પણ એજન્ટ કે વચેટીયા વગર જ નાણાં સીધા લાભાર્થીના એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે જેના કારણે રાજયના અંતરિયાળ વિસ્તારના ગામોના પ્રજાજનો આર્થિક ઉત્કર્ષ કરી રોજી રોટી મેળવવામાં નિગમ મદદરૂપ થઈ રહ્યું છે.

## અડાલજ પાસે ટ્રકની ટક્કરે બાઈકચાલકનું કરૂણ મોત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર અડાલજ માર્ગ પર આજે સવારના સમયે બાઈક લઈ થલતેજ તરફ જતા બાઈકચાલકને પાળથી પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રકે ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઘટના સ્થળે જ બાઈક ચાલકનુ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું.

માહિતી મુજબ ગાંધીનગર જિલ્લા દહેગામ તાલુકાના અહેમદપુરા ગામ ખાતે પરબતભાઈ શનાજી સોલંકી (અંદાજે ઉ.વ.૫૦) રહે છે. દરમિયાન આજે સવારે પરબતભાઈ સોલંકી પોતાનું બાઈક લઈ અહેમદપુરા ખાતેથી અમદાવાદ થલતેજ પોતાના સાળાની દીકરીના લગ્નપ્રસંગે હાજરી આપવા જતા હતા ત્યારે સવારે ૧૦.૩૦ કલાકે અડાલજના શ્રેયા પાર્મ પાસે બાઈક પાછળ પુરપાટ ઝડપે દોડી આવતી ટ્રક નં. જીજે-૧ એ.ઝેડ. ૮૨૧૮ના ચાલકે સ્ટીઅરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈકને જોરદાર ટકકર મારી હતી. જેમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માત અંગે અડાલજ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ઘ-૭ સર્કલ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૪

શહેરના ઘ-૭ નજીક સેક્ટર-૨૮ બગીચા પાસે પાર્ક કરેલ મોટરસાઈકલની કેટલા ચોર ઈસમો ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી સંદર્ભે બાઈક માલિકની ફરિયાદના આધારે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ચાંદખેડા સ્થિત મકાન નં. ૧૫ મારૂતિ, શારદા પેટ્રોલ પંપ પાછળ રહેતા હાર્દિક રમેશચંદ્ર પરમાર આજે પોતાનું મોટર સાઈકલ નં. જીજે-૧-જે.એમ.૮૯૭૩ લઈ ગાંધીનગર આવ્યા હતા. અને સે. ૨૮માં આવેલ બગીચા ખાતે આવ્યા હતા અને ઘ-૭ સર્કલ તરફના ગેટ પાસે મોટરસાઈકલ પાર્ક કરી બગીચામાં ગયા હતા. થોડા સમય બાદ બગીચામાંથી બહાર આવી પોતાની મોટરસાઈકલ નજરે ન પડતા આસપાસમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ મોટરસાઈકલ ન મળતા આખરે મોટરસાઈકલ માલિકે સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ફરિયાદ નોંધી બાઈક ચોરી કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જે અંગે એ.એસ.આઈ. વસંતભાઈ ડાહ્યાભાઈ તપાસ ચલાવી રહ્યા છે.

## આદિવાડાના આધેડ ગુમ થતા પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ ખાતે આવેલા આદિવાડા વિસ્તારમાં રહેતા અંદાજે ૫૦ વર્ષીય માધવલાલ ભલાજી મારવાડી છેલ્લા ઘણા સમયથી કોઈને પણ કહ્યા વગર પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. જેથી પરિવારજનો ભારે ચિંતાતુર બન્યા છે.

શહેરના આદિવાડા વિસ્તારના રહેતા અંદાજે ૫૦ વર્ષીય માધવલાલ ભલાજી મારવાડી ગત તા. ૧૯-૯-૨૦૧૩ના રોજ બપોરના સમયે ઘરમાં કોઈ પણને જાણ કર્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા. આથી પરિવારજનોએ ભારે શોધખોળ હાથ ધરી હતી. પરંતુ માધવલાલ મારવાડીનો કોઈ પત્તો ન મળતા પરિવારજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને અંતે માધવલાલના પત્ની હાલુબેન મારવાડીએ સેક્ટર-૨૧ પોલીસમથકમાં નોંધાવતા પોલીસ ફરિયાદ નોંઆગળની કાર્યવાહી હાથ ધરી છે જે અંગે આઈ.ડી. રાઠોડ તપાસ ચલાવી રહ્યા છે.

## જાપાનના સહકારથી પડતર કિંમતના હિસાબના મહત્વના પ્રવાહ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન

### સમગ્ર ભારતમાં પડતર કિંમતના હિસાબના મહત્વના પ્રવાહનું અમલ કરતા માત્ર ગુજરાતના જ ચાર એકમોએ નોંધપાત્ર ઉર્જા બચાવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં સેક્ટર-૨૬ની ઈલેક્ટ્રોનીક્સ જીઆઈડીસીમાં આવેલ કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ ખાતા દ્વારા સંચાલિત રાષ્ટ્રિય ઉત્પાદકતા પરિષદ દ્વારા વિવિધ પ્રોજેક્ટ્સ, સંશોધનો, વિકાસ અને ઉત્પાદકતામાં સુધારા માટેના કાર્યક્રમો ચલાવાય છે. આગામી ૬ઠ્ઠી માર્ચે અમદાવાદના સુભાષબ્રિજ પાસે આવેલ હોટલ મેટ્રો પોલ ખાતે જાપાન પ્રોડક્ટિવીટી સેન્ટર અને એશિયન પ્રોડેક્ટિવીટી ઓર્ગેનાઈઝેશનના સહકારથી 'પડતર કિંમત હિસાબના મહત્વનો પ્રવાહ' વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૮ મહિના દરમિયાન જાપાન પ્રોડક્ટિવીટી સેન્ટર અને જાપાનના એશિયન પ્રોડક્ટવિટી ઓર્ગેનાઈઝેશન દ્વારા મુકવામાં આવેલ જાપાની નિષ્ણાતો તરફથી જ નિદર્શન એકમોમાં પડતર કિંમતમાં હિસાબના મહત્વના પ્રવાહનું અમલીકરણ કરાયું છે. આ નિદર્શન એકમોમાં ગુજરાતમાં સિરામિક, સ્ટીલ રિ-રોલીંગ, ફાઉન્ડ્રી, લીલા અને બીબા અને ઘાટ ઉદ્યોગને લગતા એકમોનો સમાવેશ થાય છે. ઊર્જા અને પર્યાવરણને લગતા બીજા લાભ સહિત ૪ નિદર્શન એકમો દ્વારા આવર્તક ધોરણે રૂપિયા ૬ કરોડ જેટલી બચત થવા પામી છે. આ એકમો પડતર કિંમત હિસાબના મહત્વના પ્રવાહોનો અમલ કરતા ભારતના પ્રથમ એકમો છે. જેમાં છત્રાલની સેઈનેસ્ટ ટ્યુબ્સ પ્રા.લિ., ઓઢવની ભગવતી સ્ફેરોકાસ્ટ પ્રા.લિ., વાઘોડીયાની ડાઈઝ પ્રા.લિ. અને કડીની સોમાણી સિરામિક્સ લિમિટેડનો સમાવેશ થાય છે. આ નિદર્શન એકમોએ જાપાની નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ ઉર્જા બચતમાં નોંધપાત્ર લાભ મેળવવા ઉપરાંત પર્યાવરણ પરની અસર ઘટાડવામાં સફળતા મેળવી છે.

પડતર કિંમત હિસાબના મહત્વના પ્રવાહોના પ્રોત્સાહક પરિણામોને ધ્યાનમાં રાખીને અન્ય નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસોને તેમના લાભાર્થે આ જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જાપાની વિદ્યાશાખા પણ હાજરી આપનાર છે. જુદા જુદા નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસો અને સંબંધિત સંસ્થાઓમાંથી આશરે ૨૫૦ પ્રતિનિધિઓ પણ સહભાગી થશે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૨મી પંચવર્ષીય યોજના હેઠળ આ પ્રકારના ૨૫ જાગૃતિ સેમિનારો યોજવાનું આયોજન કરાયું છે. જેમાંથી આ સેમિનાર એ તેનું પ્રથમ પગલુ છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૫
સૂર્યાસ્ત : ૬.૪૧

### તાપમાન

મહત્તમ : ૩૧.૬ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૬ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૪૩ ટકા ● સાંજે ૨૧ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૧૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦, ૮.૪૦
હસી તો ફસી : ૫.૪૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૧૫, ૧૨.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૩૦, ૪.૩૦,૧૦.૩૦
હાઈવે : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
શાદી કે સાઈડ ઈફેકટ : ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
અનુરાધા : ૧૦.૧૫, ૪.૧૫
ગુન્ડે : ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ગુન્ડે : ૧૦.૦૦, ૪.૦૦
અનુરાધા : ૧.૦૦, ૧૦.૦૦
હાઈવે : ૭.૦૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

શાદી કે સાઈડ ઈફેકટસ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે.સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે.ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ -કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના આયોજન થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

### ચિરવિદાય

- સ્વ. જીલુજી અર્જુનજી સોલંકી(ઉ.વ. ૩૫) મુ. મહુન્દ્રા, પો. ધણપ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લસીબેન ગાભાજી ઠાકોર(ઉ.વ. ૪૫) મુ.પો. મોટી આદરજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામાભાઈ મગનદાસ પટેલ(ઉ.વ. ૭૫) મુ. પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામસમુંજ શિવલાલક યાદવ(ઉ.વ. ૫૯) ૨/૧૩, ઈએસઆઈ- ટાઈપ, સેકટર-૧૨, ગાંધીનગર.